# આભાર દર્શન

સંશોધન એ કોઈ સામાન્ય બાબત નથી અને એકલા કરવું શકય નથી આતો સહિયારા પ્રયત્નોનું સુફળ છે. આ માટે કહેવાય છે કે જાજા હાથ રળિયામણા. સૌપ્રથમ તો હું આ સંશોધન માટેનો વિચાર કરનાર અને પ્રેરણા તેમજ આત્મવિશ્વાસમાં વધારો કરનાર એવા ઈશ્વરનો ઉપકાર કેમ ભૂલુ ? કોઈપણ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન, માર્ગદર્શન, આત્મવિશ્વાસ, નસીબ, આવડત વગેરે અતિ આવશ્યક હોય છે. સફળતા પ્રાપ્ત કરવા વિવિધ ક્ષેત્રોમાં ડગ માંડતા વ્યક્તિએ માર્ગદર્શક ગુરુ દ્વારા કંડારેલી કેડી પર ચાલવાથી મંઝિલ સરળતાથી પ્રાપ્ત થાય છે.

મારા કાર્યમાં પ્રત્યેક ક્ષણે પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડનાર મારા માર્ગદર્શક **શ્રી ડૉ. રણજીતસિંહ જી. પરમાર** સાહેબનો આભાર માનુ છું.

આ ઉપરાંત મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષશ્રી **ડૉ. મીનાક્ષી મેડમ, ડૉ. ડી. જે. ભટ્ટ સાહેબ, ડૉ. જી. આર. જોષી સાહેબ તથા ડૉ. વાય. એ. જોગસણ સાહેબ**નો પણ આભાર માનું છું કે જેમના દ્વારા સંશોધન અંગેનું હંમેશા માર્ગદર્શન મળતું રહ્યું છે.

**शिक्षक कभी सधारण नहीं होता, प्रलय और निर्माण उसकी गोद में पलते है ।**

**– चाणक्य**

માત્ર શૈક્ષણિક ક્ષેત્રે જ નહી પરંતુ જીવનમાં પ્રત્યેક તબક્કે ઉપયોગી એવા માનવીય મૂલ્યોના સિંચન દ્વારા આદર્શ માનવીના નિર્માણમાં અમૂલ્ય ફાળો આપનાર રાજકોટ અને મોરબી જિલ્લાના શિક્ષકોનો હૃદયપૂર્વક આભાર માનુ છું કે જેમણે મારા સંશોધન કાર્ય માટે જરૂરી એવી વિગતો પૂર્ણ કરી.

સંશોધનના ક્ષેત્રે આગળ વધવાની અને મારી અંદર રહેલી ક્ષમતાઓને સાબિત કરવાની પ્રેરણા પૂરી પાડનાર મારા **માતા-પિતા** તથા નાનો લાડકવાયો ભાઈ **રાજેશ** કે જેમણે પોતાની જરૂરિયાતોને બદલે મારી જરૂરિયાતોને પ્રાધાન્ય આપીને મને વિશેષ સિદ્ધિ માટે પ્રેરી છે. તેઓની હું જીવનભર સદા ઋણી રહીશ.

સૌથી વધુ આ કાર્ય માટે મને ઉત્સાહિત કરનાર, મારા સ્વપ્નને પૂર્ણ કરનાર એવા મારા પતિ **શ્રી હર્ષદ એ. પરમાર** કે જેમણે મને સતત સાથ-સહકાર આપી મારા કાર્યમાં ખભેખભા મિલાવી મને મદદ કરી છે. એમના સહકાર વિના આ કાર્ય કયારેય પૂરું કરી શકત નહીં તેમની હું આભારી છું.

મારા આ મહાશોધ નિબંધમાં મને મદદરૂપ થનારા મારા મિત્રો તથા જેમનો નિર્દેશ હું કરી શકી નથી તે સર્વેનો પણ હું આભાર માનું છું.

**– મધુ એચ. સોલંકી**